જા.નં./મા-૪/વ.સેમિનાર/૨૦૨૪/ 16264-65

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા. ૩ -૧૨-૨૦૨૪

પ્રતિ,

પ્રમુખશ્રી/અધ્યક્ષશ્રી/મંત્રીશ્રી,
સુરત શહેર અને જિલ્લા આચાર્ય મંડળ,
જિ.સુરત.

**વિષય** :- શૈક્ષણિક અને વહીવટી સેમિનારની મંજૂરી બાબત.

**સંદર્ભ** :- આપના તા.૨૫-૧૧-૨૦૨૪ના પત્ર અન્વયે.

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લા આચાર્ય તથા જિલ્લા શિક્ષણાધિકારી સુરતના સંયુક્ત ઉપક્રમે નાણાંકીય વર્ષ-૨૦૨૪-૨૫માં શૈક્ષણિક અને વહીવટી સેમિનાર યોજવાની મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨-૦૭-૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨(૧૪) અનુસાર હાજર રહેલ કર્મચારીએ દીઠ ડેલીગેશન ફી.રૂ.૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પૂરા મંજૂર કરવામાં આવે છે. જે ગ્રાન્ટના હેતુ માટે માન્ય રહેશે. ડેલીગેશન ફી અંગેની રસીદ અને હાજર રહ્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ઉક્ત ખર્ચ મળવાપાત્ર ઈત્તર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવો જ્યારે નોન ગ્રાન્ટેડ શાળાઓએ આ અંગેનો ખર્ચ શાળા દ્વારા કરવાનો રહેશે.

**સેમિનારનું સ્થળ** :- વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન હોલ, ઉધના, મગદલ્લા, સુરત.

**તારીખ** :- ૧૩/૧૨/૨૦૨૪ને શુક્રવાર

**સમય** :- સવારે ૦૮.૩૦ કલાકથી સાંજે ૦૪.૩૦ કલાક

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

**નકલ રવાના** :-

આચાર્યશ્રી/આચાર્યાશ્રી,

- સુરત શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ